જાન્યુઆરી ૨૦૨૩
પત્રિકા ૨.૧

# તમારી તબિયત
Your Health

## મેન્સ હેલ્થ #૦૦૨
## ટેસ્ટિક્યુલર કેન્સર

કન્સલ્ટન્ટ યુરોલોજિકલ સર્જન
મિસ્ટર રાજેશ કાવિયાને દર્શાવતા



# મિસ્ટર રાજેશ કાવિયા



**કન્સલ્ટન્ટ યુરોલોજિકલ સર્જન**
**BSc(Hons) MB BS(Distinction) FRCSEd(Urol)**

તેઓ એક કન્સલ્ટન્ટ યુરોલોજિકલ સર્જન છે જે હાલમાં ૨૦ વર્ષથી વધુના અનુભવ સાથે નોર્થવેસ્ટ લંડન પ્રદેશમાં કામ કરે છે. તેઓ ૧૯૯૯માં ઈમ્પીરીયલ કોલેજ લંડન (યુનિવર્સિટી ઓફ લંડન)માંથી સ્નાતક થયેલા ઉચ્ચ લાયકાત ધરાવતા ડોક્ટર છે. ત્યારબાદ તેમણેનેશનલ હોસ્પિટલ ફોર ન્યુરોલોજી અને ન્યુરોસર્જરીમાં તેમની સંશોધન યાત્રા શરૂ કરતા પહેલા ચેરીંગ ક્રોસ અને વેસ્ટમિન્સ્ટર મેડિકલસ્કૂલ ખાતે તેમની તબીબી તાલીમ લીધી હતી.

તેમની એક ખાસ રુચિ કિડની સ્ટોનસ માં ( પથરી ) હોવાથી, તેમણે આ મહિનાના અંકની દેખરેખ રાખી છે.

આ સ્થિતિ સામાન્ય રીતે ૧૫-૪૦ વર્ષની વચ્ચેના યુવાનોમાં જોવા મળે છે. આ વય જૂથમાં તે સૌથી સામાન્ય કેન્સર છે.

વહેલું નિદાન જરૂરી છે અને આ સ્વ-તપાસ દ્વારા પ્રાપ્ત કરી શકાય છે. કમનસીબે, ૬૨% પુરૂષો પોતાની જાતને કેવી રીતે તપાસવી તેજાણતા નથી. તમે મેકમિલન કેન્સર સપોર્ટ વેબસાઈટ દ્વારા

***'How to check for testicular cancer '***

પૃષ્ઠ પર શીખી શકો છો.

(પેજ પર જવા માટે લિંક પર ક્લિક કરો)

તમારી તબિયત
Your Health

જો કોઈ ગાઠ્ઠો અનુભવાય, તો આની જાણ તમારા ડૉક્ટરને કરવી જોઈએ. તે સામાન્ય રીતે પીડારહિત હોય છે.

પછી તમને આ કેન્સર છે કે અન્ય કારણ છે તેની ઔપચારિક તપાસ માટે આમંત્રિત કરવામાં આવશે. તાત્કાલિક અલ્ટ્રાસાઉન્ડ સ્કેન પણગોઠવવામાં આવશે.

# સારવાર

જો કેન્સર માત્ર અંડકોષમાં હોય તો ઈલાજ ના દરો ખૂબ ઊંચા છે ૯૦%. આમાં અંડકોષને દૂર કરવાનો સમાવેશ થાય છે, જેનેઓર્કિડેક્ટોમી કહેવાય છે, જે પ્રજનનક્ષમતા ઘટાડી શકે છે. માઇક્રોસ્કોપ હેઠળ કેન્સર કેવું દેખાય છે તેના આધારે, દર્દીઓને કીમોથેરાપીઅથવા રેડિયોથેરાપી આપવામા આવે છે.

જો કોઈ પુરુષ ના શરીરના અન્ય ભાગોમાં કેન્સર ફેલાય છે (મેટાસ્ટેસિસ) તો પણ ઈલાજના દરો ખૂબ ઊંચા હોઈ શકે છે.

તેથી તમારા અંડકોષને અનુભવવામાં શરમાશો નહીં! તમે તમારો જીવ બચાવી શકશો.

અમે આશા રાખીએ છીએ કે આ જાણકારી તમને મદદરુપ બને.
તમે ૧૦૦ વરસના સુખી થાવ.

તમારી તબિયત
Your Health



ડૉ. દેવન થાનકી દ્વારા લખાયેલ

Tamari Tabiyat - Your Health